જીવનમાં આપણી સામે ઘણીવાર એક કરતાં અનેક રસ્તાઓ આવતા હોય છે. બધા રસ્તા સારા પણ હોય છે. એને તકલીફ પણ ત્યાં જ થાય છે. એક કરતાં સારા રસ્તા અને ચાન્સ હોવાથી માણસ કન્ફ્યુઝ થઈ જાય છે કે આ બધા સારામાંથી સૌથી સારો રસ્તો કયો હશે ? સૌથી સારો ચાન્સ કયો હશે ? એ શોધવાની માથાકૂટમાં એ એકાગ્ર થઈને કોઈ રસ્તા પર ચાલવાનું શરૂ કરતો નથી, કોઈ એક તક ઝડપતો નથી અને અંતે બધું જ ગુમાવી દે છે.

આપણી પાસે જ્યારે અનેક બાબતો હોય ત્યારે મને એક જ બાબતમાં પરોવી દો. તમે જો એમાં મોડું કરશો તો બહુ જ મોડું થઈ જશે. હજુ વધારે સારું, હજુ વધારે સારું, એવી રાહમાં રહેશો તો સમય જેમ એ તક પણ સરી જશે.

મનને એક વસ્તુ પર એકાગ્ર કરી દો. મનને કહો કે આ જ સૌથી શ્રેષ્ઠ છે અને આ જ તારે અપનાવવાનું છે. મનને કહો કે બીજી કોઈ તપાસમાં કે ભાંજગડમાં પડે જ નહીં. મન ના માને તો એને બીક પણ બતાવો કે, જો આજે તું આના પર એકાગ્ર નહીં થાય તો પછી તારે હારનો અને અસફળતાનો સામનો કરવો પડશે.

આ રીતે મનને એકાગ્ર કરી અનેકમાંથી એકની પસંદગી કરવામાં મોડું ના કરશો. કારણ કે એમાં થોડું પણ મોડું થશે તો જીવનમાં ઘણું બધું મોડું થઈ જશે.

એકાગ્રતા એક પ્રાર્થના છે.




**Alkeshkumar Kalpeshkumar**
**અલ્કેશકુમાર કલ્પેશકુમાર**
કાપડના વહેપારી
એસ/૬૯, સિંધી માર્કેટ, રેવડી બજાર, અમદાવાદ-૨
ફોન : ૨૨૧૭૦૪૭૭, ૨૨૧૭૫૮૩૧

**એચ. કે. હાઉસ**
૧૭, સરકીવાડની પોળ, સારંગપુર દરવાજા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૧ ૧૬૯૭, ૨૨૧૧ ૦૫૦૪

**હરજીવનદાસ કસળચંદ શાહ પરિવાર**
(પાળીયાદવાળા)
રજનીકાંત શાહ - ૨૬૩૦ ૯૯૪૬
જયંત શાહ - ૨૯૨૧ ૪૧૮૦ અલ્કેશ શાહ - ૨૬૩૦ ૫૩૧૪
અતુલ શાહ - ૨૨૧૪ ૭૫૮૦ કલ્પેશ શાહ - ૨૭૪૫ ૧૯૭૪

(Gandhi & Sons. Excise Consultant)
**OJAS SALES**
SHARDA INDUSTRIES
MANANSIDDH ENTERPRISE
Dealing in Dyes - Intermediates, E.T.P. Chemicals, Other Chemicals
YASHVI CORPORATION • YASHVI PAPER TECH
393/A, Phase-II, Beside Krupa Chemicals,
G.I.D.C. Vatva. Ph. : (O) 25830017
Fax : 25832218 (M) 98250 63061
DARSHAN GANDHI (M) 98986 60003
સૌજન્ય : કાંતિલાલ આણંદજી ગાંધી

**લેટેસ્ટ ટેકનિકથી કાનની બુટ ચોંટાડવા**
• સ્ટીચલેસ (ટાંકા વગર) • પેઇનલેસ
• નહીં પટ્ટી, નહીં ડ્રેસિંગ • માત્ર એક સીટિંગમાં • માત્ર ૧૫ મિનિટમાં જ..
તરત જ બુટ્ટી પહેરાવવામાં આવે છે.
**ક્લિનિક : ડૉ. શ્રુતિ જે. કોઠારી**
M.B.B.S.
ફેમિલી ફિઝિશિયન
સોમ થી શનિ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ સાંજે ૫-૩૦ થી ૮-૦૦
યુ-૧૮, અક્ષરધામ કોમ્પ્લેક્ષ, પ્રેમચંદનગર પાસે, જજીસ બંગલો રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ. ફોન : ૨૬૭૬૫૮૮૫
અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝ્ડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર




વિચાર્યા વિના વાંચવું એ પચાવ્યા વિનાના ખાવા જેવું છે.

## તમારી સર્વ શક્તિઓને એક જ વસ્તુને સિદ્ધ કરવા વાપરો

આપણા મનમાં એક સાથે બે કે તેથી વધારે વિચારો રમતા થાય ત્યારે આપણે કોઈ એક કામમાં એકાગ્ર ના બની શકીએ. જ્યારે તમે ઓફિસનું કામ કરતા હોય ત્યારે તમારા મનમાં એના જ વિચારો આવવા દો, એ વખતે જો ઘરના કે મિત્રોના વિચારો કરશો તો એકાગ્રતા નહીં સધાય અને ઓફિસના કામમાં ભલીવાર નહીં જ આવે.

એવી જ રીતે તમે ઘરે આવી જાવ અને પત્ની તમારી સાથે વાત કરતી હોય ત્યારે તમારું મન જો ઓફિસના કે ધંધાના બર્ડન વિશે વિચારતું હશે તો એ નારાજ થઈ જશે. તમારે એ વખતે તમારું ધ્યાન એનામાં જ એકાગ્ર કરવાનું છે.

બધી સમસ્યાઓનો પાયો મનની ચંચળતા જ છે.

એક લેખકનું કથન છે કે, 'તમારી સર્વ શક્તિઓ એક જ વસ્તુને સિદ્ધ કરવા વાપરો. તમારું સમગ્ર શરીર જ્ઞાનના પ્રકાશથી જરૂર પરિપૂર્ણ થઈ જશે.' આ કથનને અનુસરો.

તમે જે કામ કરી રહ્યા હોય એમાં જ પરોવાયેલા રહો. ચાહે તમારી આસપાસ લોકો જે કરવું હોય એ કરે... તો જ એકાગ્રતા સાધી શકાશે.

એકાગ્રતા આત્માને પરમાત્મા સુધી લઈ જાય છે.



## પારધી

ભગવાન ગુરુ દત્તાત્રેય એક દિવસ એક નગરમાં ચાલ્યા જતાં હતા. એમની આગળ આગળ એક વરઘોડો જઈ રહ્યો હતો. એમાં ઢોલ, નગારાં, શરણાઈઓના સૂર વહી રહ્યા હતા. સાથે સાથે નાચતા-ગાતા જાનૈયાઓ અને બીજા અનેક લોકોનો અવાજ પણ હતો. વાતાવરણ ધાંધલ-ધમાલ અને મસ્તીથી ગુંજી ઊઠ્યું હતું.

ચાલતા ચાલતા દત્તાત્રેયની નજર એક ઝાડ પર બેઠેલા એક પારધી પર પડી. એ પક્ષીનો શિકાર કરવા માટે ત્યાં બેઠો હતો. એ માણસે વરઘોડો પર એક નજર સુદ્ધાં ના મારી. વરઘોડો ચાલ્યો ગયો. દત્તાત્રેય ત્યાં જ ઊભા રહી ગયા. વરઘોડો ચાલ્યા ગયા પછી એમણે પારધી સામે જોયું. હજુ એનું ધ્યાન એના કામમાં જ હતું, જાણે એણે દત્તાત્રેયને પણ નહોતા જોયા.

આથી દત્તાત્રેયે એને જોરથી પૂછ્યું, 'ઓ પારધીભાઈ ! તેં વરઘોડો જોયો કે નહીં ? કેવો લાગ્યો ?'

જાણે ઊંઘમાંથી જાગ્યો હોય એમ પારધી સફાળો જાગ્યો અને ચોંકીને બોલ્યો, 'વરઘોડો ! કયો વરઘોડો ?'

'અરે, હમણાં અહીંથી નીકળ્યો એ.'

'ના, ભાઈ મને કાંઈ ખબર નથી.'

'તેં મને તો જોયો હતો ને ? હું અહીં ક્યારનોય ઊભો છું !'

'ના, આપે મને બોલાવ્યો ત્યારે જ મેં આપનો જોયા. વાત એમ છે કે મારું ધ્યાન મારા શિકારમાં હતું. હું એમાં એકાગ્ર હતો, માટે આપને કોઈને જોઈ ના શક્યો.'

'ભલે !' ભગવાન હસ્યા અને ચાલતા થયા. એ મનોમન બોલતા હતા, 'આટલી જ એકાગ્રતા સમાજની દરેક વ્યક્તિમાં આવી જાય તો દુનિયા ક્યાંથી ક્યાંય પહોંચી જાય.'

જો કે એ એકાગ્રતા આજે પણ નથી આવી...


જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)
ગુજરાત મશીનરી કું.
મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે,
ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રક્શન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૯૬૪૨, ૨૨૧૭૦૯૫૪
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને
આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ
સુરક્ષાના પગલે પગલે......
ICICI
લાઇફ ઇન્સ્યુરન્સના તેમજ જનરલ
ઇન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
● મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ,
ઘોસા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ
શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ
SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર,
એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
દોશીવાડાની પોળના નાકે, ટંકશાળ રોડ,
કાળુપુર, અમદાવાદ-૧




ગુલાબને કાંટા હોય છે, કમળ કાદવમાં હોય છે,
તો ધર્મી ને કસોટી કેમ ન હોય ?

# તીર

જંગલમાં એક એકાંત સ્થળે એક યોગી ધ્યાનમાં બેઠા હતા. એકદમ એકાંતમાં એ એટલા બધા એકાગ્રતાથી ધ્યાન કરતાં હતાં કે આસપાસ શું બને છે એની એમને ખબર જ નહોતી.

એવામાં એવું બન્યું કે એક શિકારી જંગલમાં શિકાર કરવા આવ્યો હતો. એને ક્યાંક હરણનો સળવળાટ સંભળાયો. એણે અવાજની દિશામાં તીર છોડયું. એ તીર હરણને તો ના વાગ્યું પણ પેલા યોગીના સાથળમાં પેસી ગયું. શિકારી શોધતો શોધતો એ તરફ આવ્યો. પોતાનું તીર યોગીને વાગ્યું છે. હમણાં એ જાગીને શાપ આપશે એવી બીકે એ તરત જ ત્યાંથી ભાગી છૂટ્યો.

આ તરફ પેલા યોગી તીર વાગવા છતાં એમ ને એમ જ ધ્યાનમાં બેઠા હતા. એ પોતાના ધ્યાનમાં એટલા બધા એકાગ્ર થઈ ગયા હતા કે પોતાના સાથળમાં તીર વાગ્યું છે એ પણ એમને ખબર નહોતી.

થોડીવાર પછી જંગલમાં ગયેલા શિષ્યો ત્યાં આવ્યા. એમણે જોયું કે પોતાના ગુરુદેવના સાથળમાં એક તીર ઊંડું ઊતરી ગયું છે અને સખત રક્તસ્રાવ થઈ રહ્યો છે. આથી તેમણે યોગીને ધ્યાનમાંથી જગાડ્યા, 'ગુરુદેવ... ઊઠો... ગુરુદેવ... આપના સાથળમાં તીર પેસી ગયું છે. આપ ધ્યાનભંગ થાઓ ગુરુદેવ.'

યોગીએ ધ્યાન છોડ્યું. એ સાથે જ એમને પારાવાર પીડા થવા લાગી. સાથળમાં પેસેલું તીર એમને સખત દુઃખાવો ઉપજાવવા લાગ્યું.

એક શિષ્યએ કહ્યું, 'ગુરુદેવ ! આપ બેસી રહો. હું આ તીર ખેંચી લઉં છું.'

આમ કહી શિષ્યએ તીર ખેંચવાની શરૂઆત કરી, પણ તીરને હલાવતા જ ગુરુદેવ ચીસ પાડી ઊઠ્યા, 'વત્સ રહેવા દે ! મારાથી દર્દ નથી ખમાતું.'

બીજા શિષ્યોને આશ્ચર્ય થયું. એકે પૂછ્યું, 'ગુરુદેવ ! અમે આવ્યા ત્યારે આ તીર તમારા સાથળમાં ક્યારનુંયે હતું, પણ તમે તો ધ્યાનમાં હતા. તમને દર્દ નહોતું થતું. હવે કેમ થાય છે ?'

ગુરુદેવે કહ્યું, 'વત્સ, એ વખતે હું ધ્યાનમાં એકાગ્ર હતો એટલે તીર વાગ્યું એ પણ ખબર ના રહી. આ જ સાચી એકાગ્રતા છે. તમે કોઈ એક વિચાર કરતા હો ત્યારે એમાં જ એકાગ્ર થઈ જાઓ કે બીજો કોઈ વિચારે કે સ્થિતિનું તમને ભાન જ ના રહે. મારી સ્થિતિ પણ એવી જ હતી. હું ધ્યાનમાં એકાગ્ર હતો એટલે દર્દ ના થયું. જેવો ધ્યાનભંગ થયો કે તરત જ દર્દ ઊપજ્યું. હવે તમે એક કામ કરો. હું ફરીવાર હમણા ધ્યાનમાં બેસું અને પરમાત્મા સાથે એકાગ્રતા સાધી ગઉં પછી આ તીર કાઢી લેજો.'

શિષ્યો અવાચક બની એમને સાંભળી જ રહ્યાં. એ પછી ગુરુદેવ ફરીવાર ધ્યાનમાં બેઠા. સંપૂર્ણ એકાગ્ર થયા પછી એક શિષ્યએ તીર કાઢ્યું. પણ ગુરુદેવ ધ્યાનમાં એટલા બધા એકાગ્ર થયેલા હતા કે એમને જરાક સરખી પણ વેદના ના થઈ.

સાર એ છે કે કોઈ પણ બાબતમાં એકાગ્ર બનવા માટે મનના વિચારો પણ કાબૂ જરૂરી છે. એક સાથે બે વિચાર કરશો તો મન ક્યારેય કોઈ એક બાબત પર એકાગ્રતા નહીં સાધી શકે.

એકાગ્રતાની ધરતી પર તમારી જીતના ફણગા ફૂટે છે.


મનપસંદ મેરેજ બ્યુરો
મનપસંદ Marriage Bureau પ્રભુતાનું પ્રથમ પગલું...
જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક, મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પ્લેક્ષ, ઓફ સી.જી. રોડ, જૈન ડેરી સામે, ફેરડીલ હાઉસની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Phone : 26466208/9, 30028208, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com
૨૦૧૪ - યુવા મેળાની કેન્ડીડેટના બાયોડેટાની ફોર કલર બુક મળશે.

9427520136 9327007721
DIPALI PARAG
SANGHVI SANGHVI
ફેશન ડીઝાઇનીંગ, સ્ટીચીંગ ઓર્ડરથી હેવી ચણીયા ચોળી ૩૦૦-૩૫૦૦ ડ્રેસ મટીરીયલ્સ, કુર્તી
૧૫, અંબિકાદેવી સોસાયટી, વિ.૨, કિરણપાર્ક રોડ, પાણીની ટાંકી સામે, સંઘવી હાઈસ્કૂલ રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૫૫૯૪૫૮

મો. : ૯૮૨૪૨ ૮૯૯૬૭
નવકાર ક્લીનીક
ડૉ. અમીત કે. દોશી (બોટાદવાળા)
B.H.M.S.
General Physician
૬૨/૭૩૩, ચિત્રકુટ એપાર્ટમેન્ટ, પેટ્રોલ પમ્પ સામે, સોલા રોડ, અમદાવાદ - ૬૩.
E-mail : navkarclinic@gmail.com
સમય : સવારે ૮-૩૦ થી ૧-૩૦ ● સાંજે ૫-૦૦ થી ૯-૩૦ ● રવિવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦
જ્ઞાતીબંધુ તથા જરૂરીયાતમંદોને રાહતદરે સારવાર આપવામાં આવશે.
શુભેચ્છક : વૈદ્ય કીશોરભાઇ ત્રંબકલાલ દોશી, બોટાદ




ઈશ્વરનું સનાતન મંદિર મનુષ્યનો અંતરાત્મા છે.

# સૂરદાસજી

એક વખત રાજાનો રસાલો એક જંગલમાં ભૂલો પડ્યો હતો. બધા જ છૂટા પડી ગયા હતા. બધા રસ્તો અને એકબીજાને શોધતા શોધતા આમતેમ ભટકી રહ્યા હતા.

બે સિપાઈઓ રસ્તો શોધતા શોધતા જંગલમાં બાંધેલી એક ઝૂંપડી પાસે આવી પહોંચ્યા. એ ઝૂંપડીની બહાર એક સૂરદાસ બેઠા હતા. બંને આંખે અંધ એવા એ ભાઈ હાથમાં લાકડી લઈને ખાટલામાં બેઠા બેઠા પ્રભુભજન ગાઈ રહ્યા હતા.

બંને સિપાઈઓ એની પાસે આવ્યા. એમાંથી એક સિપાઈએ કરડાકી ભર્યા અવાજે પૂછ્યું, ‘એય, આંધળા ! અહીંથી કોઈ પસાર થયું છે કે શું ?’

‘ભાઈ, તમે જ મને આંધળો કહો છો અને તમે જ મને જોવાનું પૂછો છો ?’ સૂરદાસે જવાબ આપ્યો.

સિપાઈઓએ તુમાખીથી કહ્યું, ‘અલ્યા, બાડા ! એ તો સમજી જવાનું હોય. તું બાડો છે કે બેરો નથી. કોઈ પસાર થયું હોય તો અવાજ તો સંભળાયો હોય ને ?’

‘હા, પાંચ-સાત લોકોનાં પગલાં જમણી તરફ જતાં વર્તાતા હતાં.’ સૂરદાસે ટૂંકમાં પતાવ્યું.

સિપાઈઓ ત્યાંથી ચાલ્યા ગયા. એ પછી પ્રધાનજી આવ્યા. પ્રધાને ખૂબ જ માનપૂર્વક પૂછ્યું, ‘સૂરદાસજી, આપને અહીંથી કોઈ પસાર થયું હોય એવો કોઈ અણસાર હોય તો કૃપા કરી મને જણાવશો.’

સૂરદાસે કહ્યું, ‘હા, થોડા સિપાઈઓ જમણી બાજુ ગયા છે.’

પ્રધાન જમણી તરફ ગયા. એ પછી રાજા ખુદ ત્યાં આવ્યા અને સૂરદાસજીને પૂછ્યું, ‘આપને એવો કંઈ ખ્યાલ છે કે અહીંથી કોઈ પસાર થયું હોય ?’

સૂરદાસે કહ્યું, ‘હા, મહારાજ ! પહેલાં બે સિપાઈઓ ગયા પછી હમણા પ્રધાનજી ગયા છે.’

રાજાને આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું, ‘માફ કરજો. આપને કેવી રીતે ખબર કે હું રાજા છું ? પહેલાં અહીંથી સિપાઈઓ અને પછી પ્રધાન ગયા છે એ આપે કેમ જાણ્યું ? આપ જોઈ શકતા નથી. આપને બહુ બહુ તો એવો અણસાર હોય કે અહીંથી કોઈ પસાર થયું છે.’

સૂરદાસજી બોલ્યા, ‘એમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. વાણીની કક્ષા જ માણસની કક્ષા બતાવે છે. સૌ પ્રથમ બે લોકો અહીં આવ્યા હતા. પણ એમણે મને આંધળો કહ્યો. મને ખબર પડી ગઈ કે આ લોકો કોઈના ગોલા અથવા સિપાઈઓ જ હોવા જોઈએ. એ એમના સંસ્કાર પ્રમાણે નીચી વાણી બોલ્યા. મને આંધળો અને બાડો કહ્યો. એમને રાજા કરતાં પણ વધારે રોફ હતો, એ એમની વાણીમાંથી છલકાતું હતું. એ પછી બીજી એક વ્યક્તિ આવી. એમણે મને સૂરદાસ કહ્યો અને વિનંતીથી પૂછપરછ કરી. એમની વાણીમાં સભ્યતા હતી અને રુઆબ પણ હતો. હું સમજી ગયો કે આ કોઈ મોટા અને સંસ્કારી અમલદાર કક્ષાની વ્યક્તિ છે. એ પ્રધાન જ હોવા જોઈએ. ત્યારબાદ આપ આવ્યા. તમે મને ન તો કડવા શબ્દો કહ્યા ન તો સૂરદાસજી. તમારી વાણીમાં રાજાને છાજે એવો રણકાર અને સભ્યતા હતા. માટે હું તમને પણ ઓળખી ગયો.’

રાજા ખુશ ખુશ થઈ ગયા. એમણે સુરદાસને ઈનામ આપ્યું. સૂરદાસે કહ્યું, ‘ના મહારાજ ! મેં એવું કશું નથી કર્યું કે ઈનામ લઉં.’

રાજાએ કહ્યું, ‘આપે મને વાણીનો પ્રભાવ સમજાવ્યો છે, માટે આપને આ ઈનામ આપું છું.’

એ પછી સમજાવટથી સૂરદાસે ઈનામ લીધું અને રાજા ત્યાંથી રવાના થયા.

આ કથાનો સાર એ છે કે વાણી આપણી કક્ષા બતાવી દે છે. જ્યારે જ્યારે પણ વાણીનો ઉપયોગ કરો ત્યારે ત્યારે ખૂબ જ સાચવી સમજીને કરવો. આપણી વાણી આપણને જ હલકા પાડી દે એવું ના બનવું જોઈએ.



## તરસ ગમે તેટલી હોય, ઘડો મોં પર ના ઠલવાય

સંત પુનિતે એક સુંદર વાત કહી છે કે, 'ઊંચેથી નીચે ગબડે, જે મુખ મહી બહુ બહુ બબડે.'

સંત પુનિતની વાણીનીનો સાર સ્વયં સ્પષ્ટ છે કે, બહુ બડ બડ કરવામાં મજા નથી. વધારે પડતી વાણીનો ઉપયોગ આપણને ઊંચેથી નીચે પાડી દે છે. એટલું જ નહીં, વાણીની દુરુપયોગ આપણને લોકોની નજરમાંથી પણ નીચે પાડી દે છે.

આપણને ખૂબ તરસ લાગી હોય. ગળું તરસે સુકાઈ જતું હોય. જીવ જવું જવું કરી રહ્યો હોય. એવે ટાણે કોઈ વ્યક્તિ આપણને લોટે લોટે જળ પીવડાવે તો કેવી તૃપ્તિ થાય ? સરસ જ થાય. હાશકારો મળે. પણ એવે ટાણે કોઈ વ્યક્તિ આપણને લોટે લોટે જળ પીવડાવે તો કેવી તૃપ્તિ થાય ? સરસ જ થાય. હાશકારો મળે. પણ એવે ટાણે કોઈ આપણા મોં પર આખે આખો ઘડો ઠાલવી દે તો ? તો મજા આવે ખરી ? ના, ના જ મજા આવે. આપણે હાંફળાફાંફળા થઈ જઈએ, કારણ કે ઘડાભર પાણી એ અતિશયોક્તિ છે. એનાથી આપણી તરસ નથી બુઝાતી અને ખાલી ખોટા ભીના થવાનું થાય છે. એવી જ રીતે વાણી પણ જ્યારે જ્યાં જરૂર હોય એટલી જ લોકોને સાંભળવી ગમે છે. લોકો સાંભળવા માટે ગમે તેટલાં તરસ્યા હોય, પણ જો આપણે શબ્દોના ઘડા ઠાલવી દઈએ તો એમને ન ગમે. એમની તરસ પણ ના બુઝાય અને એ લોકો હેરાન પણ થઈ જાય. હાંફળાફાંફળા થઈ જાય છે અને પછી ચાલ્યા જાય છે, માટે વાણી સંયમપૂર્વક વાપરો. સામેનાની તરસ મુજબ વાપરો અને સામેનાની ઈચ્છા મુજબ વાપરો.

વાણીના સંયમનો પહેલો નિયમ એ છે કે
વગર પ્રયોજને અને વધુ પડતું બોલવું નહીં.




## પાણી અને વાણી અખૂટ છે, પણ એનો ઉપયોગ સંયમપૂર્વક કરવો જોઈએ

પાણીની શક્તિ અપરિમિત છે. પાણી અનેક પ્રકારે કામમાં આવે છે. સ્વચ્છતાના કામમાં, પીવાના કામમાં, ખેતીના કામમાં અને બીજા અનેક કામમાં આવે છે. માત્ર પાણી હોવાથી જ એ જીવનદાયી કે ઉપયોગી નથી બની જતું. ગંગાનું પાણી પવિત્ર છે. એને પી શકાય છે અને પાપ પણ ધોઈ શકાય છે. જ્યારે સમુદ્રનું પાણી ખારું છે. નથી તો એને પી શકાતું નથી તો એને ખેતી જેવા બીજા કોઈ ઉપયોગમાં લઈ શકાતું.

આવું જ વાણીનું પણ છે. જે રીતે પાણી સ્વચ્છ અને દૂષિત હોય છે એવી જ રીતે વાણી પણ શુભ અને અશુભ હોય છે. જે રીતે પાણી હલકું અને ભારે હોય છે એવી જ રીતે વાણી પણ હલકી અને ભારે હોય છે.

પાણી જેમ વાણીના પણ અનેક પ્રકારો છે. પવિત્ર અને અપવિત્ર, ભદ્ર અને અભદ્ર, ઉચ્ચ અને નીચ, સ્તુત્ય અને નિંદા વગેરે. ભગવાને આપણને જેમ પાણી અખૂટ આપ્યું છે એમ વાણી પણ અખૂટ આપી છે. નર્મદાના અખૂટ જળને જો આપણે ઉપયોગ કરી સંજીવની તરીકે ઉપયોગ ના કરીએ તો એ બધું જ જળ સંસારમાં મળીને ખારું થઈ જાય. એમ આપણી અખૂટ વાણીનો આપણે સદુપયોગ ના કરીએ તો એ ખારી થઈ જાય. કોઈ ઉપયોગમાં ના આવે. જે ચીજ અખૂટ છે એને પણ સંયમપૂર્વક વાપરો.

વાણીનો કાળ હોય છે અને મૌનની અનંતતા.



# ધન અને ચતુરાઈ

એક નગરમાં બે યુવાનો રહેતા હતા. બંને મિત્રો હતા. એકનું નામ રામ અને બીજાનું નામ રહીમ. રામ ચતુર હતો અને રહીમ ધનવાન. બંને વચ્ચે વારંવાર ચર્ચાઓ અને ઝઘડા થતાં. રામ કહેતો હતો કે, 'ચતુરાઈ સૌથી મોટી અને દુર્લભ ચીજ છે. એ ગમે તેવી મુશ્કેલીમાંથી પણ માણસને બચાવી શકે છે.'

જ્યારે રહીમ કહેતો હતો કે, 'આ દુનિયાની સૌથી મોટી ચીજ ધન છે. ધન બધી જ મુશ્કેલીમાંથી ઉગારી શકે છે.'

એકવાર એ બંને વચ્ચે ભારે ઝઘડો થયો. બંને એમના નગરના બાદશાહ પાસે આ સવાલનો જવાબ મેળવવા દોડી ગયા. આ રીતે બંને અનેકવાર બાદશાહ પાસે આવીને એમને હેરાન કરતાં હતા. બાદશાહનો મગજ આ વખત ગરમ હતો. એમણે આ બંને યુવાનને ફાંસી આપી દેવાની એક ચિઠ્ઠી લખીને એને સીલબંધ કરીને યુવાનોને રોમના સમ્રાટ પાસે મોકલી દીધા. મોકલતી વખતે યુવાનોને એમ કહ્યું, 'રોમના સમ્રાટ તમને કહેશે કે ધન મોટું કે ચતુરાઈ.'

બંને યુવાનો રોમના સમ્રાટ પાસે ગયા અને પોતાના બાદશાહની ચિઠ્ઠી આપી. એમને ખબર નહોતી કે ચિઠ્ઠીમાં ફાંસી આપવાની વાત લખી છે. રોમના સમ્રાટે ચિઠ્ઠી વાંચી અને બંને યુવાનોને ફાંસીની સજા ફરમાવી દીધી.

રામ અને રહીમ ફસાઈ ગયા. રામે રહીમને કહ્યું, 'તું કહે છે ને કે ધનથી ગમે તેવી મુશ્કેલીમાંય બચી શકાય છે. તો બચાવ !'

રહીમે માફી માંગતા કહ્યું, 'ભાઈ, મેં ખૂબ પ્રયત્ન કર્યો પણ ધન કંઈ કામ ના આવ્યું. ઊલટાનો સમ્રાટ મારા પર ગુસ્સે થયો. હવે તું ચતુરાઈ દ્વારા આ મુશ્કેલીમાંથી બહાર કાઢ તો ખરો.'

રામે વિચાર કરવા માંડ્યો. આખરે એને એની ચતુરાઈએ એક ઉકેલ શોધાવી દીધો. એણે રહીમને કહ્યું, 'આપણને ફાંસીના માંચડે લઈ જાય ત્યારે આપણે ખાલી ખાલી ઝઘડવાનું કે પહેલાં મને ફાંસી આપો ! બીજું બધું હું સંભાળી લઈશ.'

ફાંસીના દિવસે એમને નગર વચ્ચેથી લઈ જવામાં આવ્યા ત્યારે બંને પહેલાં પોતાને ફાંસી આપવા માટે ઝઘડતા હતા. આ જોઈને બધાને આશ્ચર્ય થયું. સ્થળ પર બાદશાહ આવ્યો. એણે પણ બંનેને પહેલાં ફાંસી માટે લડતા જોઈ એમને પૂછ્યું, 'અલ્યા, કોઈ તો બચવા માટે ઝઘડે અને તમે પહેલા માંચડે ચડવા ઝઘડો છો. એવું કેમ ?'

ચતુર યુવાન રામે જવાબ આપ્યો, 'હા, સમ્રાટ ! વાત એમ છે કે અમે બંને બત્રીસ લક્ષણા પુરુષો છીએ. અમારા દેશના મૌલવીઓએ અમારા બાદશાહને એમ કહ્યું છે કે, આ બંને યુવાનો જે ભૂમિ પર મરશે ત્યાં કાળો કેર થઈ જશે. હું જ્યાં મરીશ ત્યાં ભૂખમરો ફાટી નીકળશે અને લોકો મરી જશે. આ રહીમ જ્યાં મરશે ત્યાં બાદશાહનો વંશવેલો નાબૂદ થઈ જશે. એટલે જ તમારો આત્મા બોલાવવા અમને અહીં મરવા મોકલ્યા છે. તમે જ વિચારો, શું અમારો બાદશાહ અમને એની ભૂમિ પર નહોતો મારી શકતો ? અમે એટલે લડી રહ્યા છીએ કે, જો હું પહેલાં મરું તો માત્ર ભૂખમરો જ થાય અને તમારો વંશવેલો બચી જાય. જ્યારે રહીમ એમ કહે છે કે, એ પહેલાં મરે તો તમારા એક જ પરિવારને નુકસાન થાય અને પ્રજા બચી જાય. આ માટે અમે પ્રથમ ફાંસી માટે ઝઘડી રહ્યા છીએ.'

રામની વાત સાંભળીને સમ્રાટના હાજા ગગડી ગયા. એણે બંનેને છોડી મૂક્યા અને ખૂબ જ ધન આપ્યું. ઉપરાંત એમના બાદશાહ પર એક સડક પત્ર લખીને પણ મોકલ્યો. આમ રામની ચતુરાઈને કારણે બંને યુવાનો બચી ગયા. પેલો બાદશાહ ચાલાકી વાપરવા ગયો તો એને જ નુકસાન થયું.

સાર એ છે કે ચતુરાઈ એ ધન કરતાં જ નહીં બીજી બધી જ બાબતો કરતાં મોટી છે. ચતુરાઈથી ગમે તેવી મુશ્કેલીઓમાંથી પણ ઊગારી શકાય છે.






સુખી થવુ છે તો સામેની વ્યક્તિના સ્વભાવને અનુકુળ થાવ.

## સ્વભાવ

એક સાધુ નદીમાં સ્નાન કરી રહ્યા હતા. બાજુના પહાડની ધાર પરથી એક વીંછી પાણીમાં પડ્યો અને તણાવા લાગ્યો. સાધુએ એને જોયો. વીંછી ડૂબી રહ્યો હતો. એણને એના પર દયા આવી. બિચારો મૂંગો જીવ, વગર કારણે જીવ ગુમાવશે એવું વિચારીને એમણે વીંછીને બચાવવા માટે પાણીમાં હાથ નાખીને પકડી લીધો. પણ હજુ તો એ વીંછીને બહાર ફેંકવા જાય એ પહેલા જ વીંછીએ સાધુના હાથમાં જોરદાર ડંખ માર્યો. ડંખથી સાધુને ઝાટકો લાગ્યો અને વીંછી એમના હાથમાંથી છટકીને ફરી પાછો પાણીમાં પડી ગયો. એમને જોરદાર વેદના થઈ. છતાં પણ ફરીવાર એમણે વીંછીને હાથમાં પકડીને બહાર નાંખવાનો પ્રયત્ન કર્યો. ફરીવાર વીંછીએ એમને ડંખ માર્યો અને પાછો પાણીમાં પડીને ડૂબવા લાગ્યો. આવું અનેકવાર થયું. સાધુ બિચારા એને બચાવવા માટે એને પાણીમાં હાથ નાખીને બહાર કાઢવાનો પ્રયત્ન કરી રહ્યા હતા અને એ વીંછી એમને ડંખ ઉપર ડંખ માર્યે જતો હતો.

એક માણસ કિનારે બેસીને ક્યારનોય આ દૃશ્ય જોઈ રહ્યો હતો. સાધુને ડંખ ખાતા જોઈને આખરે એનાથી ના રહેવાયું એટલે એ બોલ્યો, 'મહારાજ હું ક્યારનોય જોઈ રહ્યો છું કે આ વીંછી તમને ડંખ મારે છે તોય વારે ઘડીએ પાણીમાં હાથ નાખીને તમે એને બચાવવાનો પ્રયત્ન કરી રહ્યા છો. મરવા દો એને, એ ડંખ મારે છે તો એને બચાવવાની જરૂર નથી.'

પેલા માણસની વાત સાંભળી સાધુએ શાંતિથી કહ્યું, 'ભાઈ, વીંછીને કોઈ વસ્તુનો સ્પર્શ થાય એટલે એ ડંખ તો મારવાનો જ. ડંખ મારવો એ એનો સ્વભાવ છે અને માનવતા દાખવવી એ મારો સ્વભાવ છે. એ એનો ડંખ મારવાનો સ્વભાવ નથી છોડતો તો હું પણ મારો માનવતા ધર્મનો સ્વભાવ નહીં છોડું.' બોલીને સાધુએ ફરીવાર પાણીમાં તણાઈ રહેલા વીંછીને હાથમાં પકડ્યો અને ફરીવાર વીંછીએ એમને ડંખ માર્યો. આવું ક્યાંય સુધી ચાલ્યું પણ આખરે સાધુ વીંછીને બચાવીને જ રહ્યા. એમનો હાથ વીંછીના અસંખ્ય ડંખથી છલકાઈ રહ્યો હતો પણ એની વેદના કરતા માનવતાધર્મ નિભાવ્યાની ખુશી એમને વધારે હતી.

ગમે તેટલો દુઃખી અને અભાવોથી ઘેરાયેલો માણસ પણ માનવતા નામની સોનામહોર બીજાને ભેટમાં આપી શકે છે.

## કોઈને નડવું નહીં એ પણ મોટામાં મોટી માનવતા છે

કોઈને નડવું નહીં એ પણ મોટામાં મોટી માનવતા છે. પહેલી નજરમાં આ વાત હાસ્યાસ્પદ લાગશે. પણ આ વાત હસવા કે હસી કાઢવા માટે નથી. આજનો માણસ ચારે તરફથી ઘેરાયેલો છે. મોંઘવારી, ગરીબી, બેકારી સહિત અનેક પારિવારિક મુશ્કેલીઓમાંથી ઘેરાયેલો છે. આ તીવ્ર હરીફાઈના જમાનામાં એનું વજુદ ટકાવી રાખવા, પરિવારનું પાલન-પોષણ કરવા, બે પાંદડે થવા માટે એ તનતોડ મહેનત કરતો હોય અને માંડ માંડ મુશ્કેલીઓ દૂર કરવા પ્રયત્નો કરતો હોય ત્યાં આપણે એને નડીએ તો કેવું લાગે ? એક તો બિચારા પાસે ઓલરેડી ઘણી બધી મુશ્કેલીઓ હોય અને એમાં કોઈ માણસ એની રાહમાં વિઘ્ન નાખીને બીજી મુશ્કેલીઓ ઊભી કરે એ બરાબર નથી. માટે આજના જમાનામાં કોઈને નડવું નહીં, કોઈને રાહમાં રોડા ન બનવું, કોઈની સફરમાં વિઘ્નો પેદા ન કરવા એ પણ મોટામાં મોટી માનવતા છે. તમે કોઈનું ભલું કરો તો તો બહુ સારી વાત છે, પણ ભલું ના કરી શકો તો કોઈનું બૂરું કરીને કમ સે કમ એને નડો તો નહીં જ.

ધ્યાન રાખો કે તમારા દ્વારા કોઈને દુઃખ ના પહોંચે, તમારા લીધે કોઈની આંખમાં આંસુ ના આવે, તમારા લીધે કોઈના કુટુંબમાં ઝઘડા ના થાય, તમારા લીધે કોઈ ભાઈઓ વચ્ચે વેર ના થાય, તમારા લીધે કોઈ પતિ-પત્ની વચ્ચે છુટાછેડા ના થાય, તમારા લીધે બે મિત્રો વિખુટા ના પડે અને તમારા લીધે કોઈને આર્થિક નુકસાન ના થાય એ પણ મોટામાં મોટી માનવતા જ છે. જે એક પણ રૂપિયાના ખર્ચ વગર, એક પણ મિનિટ બગાડ્યા વગર નિભાવી શકાય છે.

બીજું કશું જ ના કરી શકો તો કંઈ નહીં. પણ કમ સે કમ અન્ય વ્યક્તિને દુઃખી તો ન જ કરો. એ પણ એક માનવતા જ છે.

માનવતા મહેલોમાં જ હોય એવું નથી એ ફૂટપાથ પર પણ જીવે છે.






સંસારમાં મનુષ્ય ખાલી હાથે આવે છે ને ખાલી હાથે જાય છે
માત્ર સારા-માઠા કર્મોનું પોટલું બાંધતો જાય છે.

## સફરજન

પ્રેમજીભાઈના પરિવારમાં રોજ સફરજન ખાવાનો નિયમ. પ્રેમજીભાઈ રોજ સવારે જાતે જ બજારમાં જતા અને સફરજન લઈ આવતા. એ દરરોજ એક જ લારી પરથી ખરીદી કરતા. એ જઈને ઊભા રહેતા એટલે લારીવાળો એક કિલો સફરજન તોલી આપતો. પ્રેમજીભાઈ સફરજન થેલીમાં નાખતા અને પૈસા આપી પાછા વળી જતા.

આજે પણ સવારના પહોરમાં પ્રેમજીભાઈ પાસે પહોંચી ગયા. એમને જોઈને લારીવાળાએ વગર કહ્યે એક કિલો સફરજન તોલી આપ્યા. પ્રેમજીભાઈએ સોની નોટ આપી. લારીવાળાએ પૈસા પાછા આપ્યા. આમ તો પ્રેમજીભાઈ કોઈ દિવસ એણે આપેલા પૈસા ગણતા નહોતા. પણ આજે એણે પાછા આપેલા પૈસામાં કંઈક અજુગતું લાગ્યું. એમણે પૈસા ગણ્યા. પચાસ રૂપિયા હતા. પ્રેમજીભાઈ રોજ સાંઈઠ રૂપિયાના ભાવે સફરજન ખરીદતા. રોજ એને સોની નોટ આપતા અને પેલો ચાલીસ રૂપિયા પાછા આપતો. પણ આજે એણે પચાસ રૂપિયા પાછા આપ્યા હતા. પ્રેમજીભાઈ બહુ દયાળુ જીવ હતા. એમને થયું કે લારીવાળાએ બિચારાએ ભૂલથી ચાલીસ રૂપિયાને બદલે પચાસ રૂપિયા પાછા આપી દીધા લાગે છે. એમણે એક દસની નોટ એના તરફ લંબાવતા કહ્યું, 'ભાઈ ! તારું ધ્યાન ક્યાં છે ? તેં આજે મને ચાલીસને બદલે પચાસ રૂપિયા પાછા આપ્યા છે. નફો કમાવાનો ક્યાં ગયો ને ખોટ જશે. લે આ દસ રૂપિયા પાછા.'

લારીવાળાએ હસતા હસતા જવાબ આપ્યો, 'સાહેબ, ભૂલ નથી થઈ. બરાબર જ છે. હોલસેલમાં સફરજનનો ભાવ કિલોએ દસ રૂપિયા ઘટી ગયો છે. કિલો પાછળ મેં બે રૂપિયા નફો બાંધેલો છે. એનાથી વધારે મારે ના લેવાય. બે રૂપિયા નફો લેતા મારે પચાસમાં જ વેચવા પડે અને એમાંય તમારા જેવા ભાવ પૂછ્યા વગર ખરીદી કરતા લોકોને છેતરું તો ભગવાન રાજી ના રહે. બરાબર જ આપ્યા છે. લઈ લો તમ તમારે...'

પ્રેમજીભાઈ એને તાકી રહ્યા. લારી પાછળ જે ઊભો હતો એ માણસ નહોતો, પણ નાની અમથી વાતમાં લોકોનાં દિલ જીતી લેતી માનવતા હતી.

બીજું કશું જ ના કરી શકો તો કંઈ નહીં. પણ કમ સે કમ અન્ય વ્યક્તિને દુઃખી તો ન જ કરો. એ પણ એક માનવતા જ છે.

## રિક્ષાવાળો

દુર્ગાપ્રસાદભાઈના ઘરમાં રોકકળ થઈ ગઈ. બન્યું એવું કે એમની દીકરીનાં લગ્ન હતા. દુર્ગાપ્રસાદભાઈ અને એમની પત્ની ગામડેથી ખેતર વેચીને એ પૈસા લઈ દીકરીને પરણાવવા શહેર આવી રહ્યા હતા. બસ સ્ટેશને ઊતરીને રિક્ષા કરી અને દીકરા પાસે આવ્યા. ઘરે આવીને બેઠા ત્યાં જ ફાળ પડી. દીકરીનાં લગ્ન માટે ખેતર વેચીને લાવેલા પૈસા અને જૂના ઘરેણાં ભરેલી થેલી એ રિક્ષામાં જ ભૂલી ગયા હતા. એક લાખ રૂપિયા રોકડા અને દોઢ લાખનાં ઘરેણા કોણ પાછાં આપે ? અને એમાંય રિક્ષાવાળો ?

થેલીમાં પડેલા એક લાખ રૂપિયા રોકડા અને ઘરેણાં જોતાં જ રિક્ષાચાલક કાનજીભાઈના મનમાં કાલે રાત્રે જ ડોક્ટરે કહેલા શબ્દો પડઘાવા લાગ્યા, 'કાનજીભાઈ તમારી દીકરીને બચાવવી હોય તો એનું ઓપરેશન કરવું પડશે અને તમારે દોઢથી બે લાખ રૂપિયા જમા કરાવવા પડશે.' ઘડીવાર તો એ ખુશીથી ઝૂમી ઊઠ્યા, 'હાશ, હવે મારી દીકરી બચી જશે.' પણ બીજી જ ક્ષણે એમની રિક્ષામાં પાછળ બેસીને ચર્ચા કરતા દુર્ગાપ્રસાદના શબ્દો પડઘાયા, 'સારું થયું, આપણી પાસે ખેતર હતું તો વેચીને પૈસા લાવ્યા. નહીં તો આપણી દીકરી કુંવારી જ મરી જાત.'

કાનજીભાઈના મનમાં યુદ્ધ ચાલ્યું. એક તરફ મોતના મુખમાં ધકેલાઈ રહેલી એમની દીકરી હતી તો બીજી તરફ જીવતે જીવ મરી જનારી દુર્ગાપ્રસાદની દીકરી. આખરે ભારે ગડમથલને અંતે એમણે પૈસા પાછા આપવાનું નક્કી કર્યું અને દુર્ગાપ્રસાદના ઘરમાં તો જાણે ભગવાન પધાર્યા. દુર્ગાપ્રસાદના કુટુંબે કાનજીભાઈ પર આશિષનો ધોધ વરસાવ્યો.

ક્યાંયથી પૈસાનો જોગ ના થતા એ ભાંગેલી ચાલે રાત્રે દવાખાને પાછા આવ્યા તરત જ એમની પત્ની એમને ભેટીને રડી પડી, 'સાંભળો છો, એક કરોડપતિ શેઠ આપણી દીકરીના ઓપરેશનનો તમામ ખર્ચ આપવા તૈયાર થયા છે.' અને કાનજીભાઈ રડી પડ્યા. માનવતા જીતી ગઈ હતી.

માનવતા એટલે હજ્જારોની ભીડ વચ્ચે જલતો દીવો.



# ખુરશી

'પપ્પા મને ફટાકડા લઈ દો ને ! કાલે દિવાળી છે. મારા બધા ભાઈબંધો બે દિવસથી ફટાકડા ફોડે છે. મને ભલે આજે ના લાવી આપો પણ કાલે તો મારે ફટાકડા જોઈશે... જોઈશે અને જોઈશે જ...'

'સારું બેટા, કાલે તને જરૂરથી ફટાકડા લાવી આપીશ.' બોલીને મહેશભાઈ ઘરમાં ચાલ્યા ગયા. બે દિવસથી એમણે અને એમની પત્નીએ ખાધું નહોતું. માંડ માંડ છોકરાનું પેટ ભરતાં. આવી પરિસ્થિતિમાં અજાણ દીકરો એમની પાસે ફટાકડાની જીદ કરી રહ્યો હતો અને એ એની એક નાનકડી જીદ પણ પૂરી નહોતા કરી શકતા. લાચાર બનેલા મહેશભાઈ પાછળના વરંડામાં જઈને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. એમના પત્નીએ ભીની આંખે આશ્વાસન આપ્યું અને બંને ક્યાંય સુધી ગરીબી અને લાચારી પર માથું કૂટતાં ત્યાં જ બેસી રહ્યા.

એ દિવસે બપોરે મહેશભાઈ એમના ઓટલે બેઠા હતા ત્યારે એક સજ્જન આવ્યા અને એમની પાસે પડેલી એક ભાંગેલી ખખડધજ ખુરશી તરફ આંગળી ચીંધતા બોલ્યા, 'ભાઈ, આ ખુરશી તમારે વેચવી છે ?' મહેશભાઈ ફિક્કું હસ્યા, 'વેચવી તો છે ભાઈ, પણ ભંગારવાળો પણ એને લેવાની ના પાડે છે.'

'તમને વાંધો ના હોય તો મને આપી દો. પૂરા પાંચસો રૂપિયા આપીશ !'

'સાહેબ મજાક ના કરો ! આવી નવી ખુરશીનો ભાવ પણ એટલો ના હોય.'

'હા, પણ જૂની ક્યાં મળે છે ? મને જૂની વસ્તુઓ સંઘરવાનો શોખ છે.' આખરે એ સજ્જને પાંચસો રૂપિયામાં એ ભંગાર ખુરશી લઈ લીધી.

દિવાળીના દિવસે મહેશભાઈનો દીકરો ખિલખિલાટ હસતો પાછળના વરંડામાં ફટાકડા ફોટી રહ્યો હતો. બરાબર એ જ વખતે, ગઈકાલે મહેશભાઈ અને એમના પત્નીની વાત સાંભળી ગયેલા એક સજ્જન સામેના ફ્લેટની બાલ્કનીમાં ઊભા ઊભા મહેશભાઈના દીકરાને જોઈને મંદ મંદ મુસ્કુરાઈ રહ્યા હતા. ત્યાં જ એમના પત્ની ઉપર આવ્યા અને પૂછ્યું, 'અરે, તમે પેલી ભંગાર ખુરશી ક્યાંથી ઉપાડી લાવ્યા છો ? તમને તો જૂની વસ્તુઓ પ્રત્યે ચીડ છે તો પછી શા ખાતર લાવ્યા છો ?' અને મહેશભાઈએ ટૂંકો જવાબ આપ્યો, 'માનવતા ખાતર !'

# અભણ છોકરા

એક છોકરો હતો. ખૂબ તોફાની. એના મા-બાપે એને ભણવા મૂક્યો પણ પહેલા જ દિવસે એ સ્કૂલેથી ભાગી આવ્યો. એકડો પણ ના ઘૂંટ્યો. મા-બાપે ખૂબ પ્રયત્ન કર્યો પણ પછી એ કદી સ્કૂલે જ ના ગયો.

સાવ અંગૂઠાછાપ રહ્યો.

દીકરો જુવાન ઉંમરલાયક બનતો જતો હતો પણ એને કશું જ ખાસ આવડતું નહોતું. એને જોઈને મા-બાપને ખૂબ ચિંતા થતી. આ છોકરો શું કરશે ? આખી જિંદગી મજૂરી કરી ખાશે. પણ છોકરો તો આખો દિવસ એના રૂમમાં પુરાઈને અવનવા ધતિંગ કર્યા કરતો. મા-બાપ ચિંતામાં ને ચિંતામાં સુકાઈ રહ્યા હતા.

મા-બાપ સુકાઈ રહ્યા હતા પણ એમને ખબર નહોતી કે એમનો અંગૂઠાછાપ છોકરો એના રૂમમાં પુરાઈને એક મહાન કાર્ય કરી રહ્યો હતો. એ વર્ષોથી એક પ્રયોગ કરી રહ્યો હતો. એક લક્ષ્ય રાખી આગળ વધી રહ્યો હતો. આખરે એક દિવસ એનું લક્ષ્ય સિદ્ધ થયું. એણે વીજળીની શોધ કરી બતાવી અને આખા જગતને અજવાળાથી ભરી દીધું.

હા, વાચક મિત્રો એ અંગૂઠાછાપ છોકરાનું નામ હતું એડિસન. એ જ એડિસન જેણે વીજળી, ટેલિફોન અને ટેલિગ્રાફની અમૂલ્ય શોધ કરીને આખા જગત પર ઉપકાર કર્યો છે. ટાંચાં સાધનો, નિરક્ષરતા અને ગરીબી છતાં એણે ભવ્ય પુરુષાર્થ દ્વારા માનવ જીવનને ધન્ય કરી દીધું. એની મહાનતા જોઈને એના મા-બાપ ગૌરવથી ગદ્‌ગદિત હતાં. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે ગમે તેવા પ્રતિકૂળ સંજોગો હોય પણ તમે ધારો તો જરૂર મહાન બની શકો છો અભણ એડિસનની જેમ. એડિસન એમના આખરી દિવસોમાં બિમાર પડ્યા ત્યારે દુનિયાભરના પ્રેસ રીપોર્ટરો રાત-દિવસ એમના ઘરની બહાર પડ્યા પાથર્યા રહેતા હતા. અમેરિકાના પ્રેસિડેન્ટ કલાકે કલાકે એમની તબિયતના સમાચાર પૂછતા હતા. માટે જ કહેવાય છે કે કોઈ જન્મથી મહાન નથી હોતું કર્મથી જ મહાન બને છે.




કોઈ કાર્યમાં સફળતા ન મળે તો નિરાશ ન થવું,
આપણી કસોટી થાય છે તેમ માનવું.

# 21 DAYS TRANSFORMATION CHALLENGE

- COMPLETE EBOOK
- FITNESS SESSIONS
- HEALTH & WELLNESS TALK
- PRIVATE FACE BOOK GROUP
- PRIVATE WHATS APP GROUP
- HEALTHY COOKING SESSION
- LOT OF REWARDS
- BENEFIT PROGRAM



## WEIGHT LOSS

**Hunger & Muscle Starvation**

- Decreased Fitness
- Decreased strength
- Poor performance
- Early aging
- Reduced immunity

## FAT LOSS

**Satiety, Muscle Gain & Fat Loss**

- Increased fitness
- Greater strength
- Peak performance
- Dealyed aging
- Reduced disease risk




## Here You will find solutions For

- Lose Weight & Look Great.
- Gain Weight & Build Muscle.
- Balance Nutritious meal/Breakfast
- New Mom care
- Feel energetic and remain active throughout the day
- Sleep better in night
- Reasons for Mood Swing, Depression & Anxiety
- Improve your skin & look younger
- Improve digestive health
- Improve your immunity with the help of nutrition
- Healthy heart and joint
- Balance protein rich meal for Children

WELLNES COUCH

Mayuri Desai 94276 26224

Nirav Desai 99799 32624

A Complete Security & IT Solution Provider

# Infrasoul Techserve Pvt. Ltd.

Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com

HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat




**Associate Companies**

Sanghvi Consultancy| Providing all Types of Insurance Solutions

Sanghvi Infotech Pvt Ltd.| A Complete IT and Networking company

# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

Jockey
Barry & Clark
Lyra Leggings
Sweet Dreams
Sherry
Cool Babes
One 8 Socks
Paras Hankies
Duke
Stori
Be Positive
Dare
Curve T-shirts
Grey Leaf



**Milan Shah** (Managing Director)
Cell: **+91 92272 58500**

webplus

# Webplus™© INFOTECH

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

**WEBPLUS INFOTECH PVT. LTD.**
H-310, Titanium City Center, Next to Sachin Tower, Beside IOC Petrol Pump, Satellite, Ahmedabad - 380051 Gujarat (INDIA)
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net **Website: www.webplusinfotech.net**



DHOLAKIA STUDIO

# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

**New Attractions**
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

## EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY

SAMANTAR
SALES AND SERVICES PVT. LTD.



SAMANTAR SALES AND SERVICES PVT. LTD.
FF-7, Saransh Ambience, Opp. Pujan Flat, Nr. Jivraj Hospital, Vasna,
Ahmedabad - 380 007. Mobile : 9898031812
E-mail : info@samantarsalesservices.com • Web : www.samantarsalesservices.com

HVAC SOLUTION PROVIDER FOR RESIDENTIAL / COMMERCIAL / FOOD / PHARMA / INDUSTRY

Carrier TOSHIBA DAIKIN Panasonic MITSUBISHI GENERAL

ભૂલકાં ચિલ્ડ્રન હોસ્પિટલ



- બાળરોગ અને નવજાત શિશુના નિષ્ણાંત
- રસીકરણ કેન્દ્ર
- જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોની સારવાર

ડો. અપૂર્વ એન. સંઘવી
એમ.ડી.ડી.પેડ.
TIME: 10:00 AM to 11:00 AM
5:30 PM to 8:30 PM

602, JP 12th બિઝનેસ હબ, રાજ સ્ટેશનર્સની સામે, કોટક બેન્કની ઉપર,
નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ Contact No. 98250 96984, 82000 42397

CA Yesha Doshi

Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan

Yesha Doshi
& Associates

Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return

401, Olive Arcade, Opp. Samudra Complex, Nr. Girish Cold Drinks Cross Road, off C.G. Road, Navarangpura, Ahmedabad - 380009.
9429620317 doshi.financeassociates@gmail.com




A Place Where People Trust
RAJENDRA A.
JEWELLERS PVT. LTD.
Gold, Diamond & Silver Antique Jewellery
(Govt. Approved Valuer)

6 - G Floor, 103 - 1st Floor, National Plaza,
C.G. Road, Opp. Lal Bungalow, Ahmedabad-380009.
Phone : 26560670, 26560671

Published On 18th of Every Month & Permitted to post at Ahd. PSO on 18'th E/M

Valid up to 31-12-2023

ઓક્ટોબર-૨૦૨૧ પાના નં. ૪૮ R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2021-2023

SMART™ TOTAL KNEE REPLACEMENT WITH ABC™ TECHNIQUE



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

**અત્યાધુનિક હાઈપરફોર્મન્સ સાંધાઓ સાથે**

- આપ પલાઠી વાળી બેસી શકશો
- કુદરતી ઘૂંટણ જેવો અનુભવ
- ની જોઈન્ટનું લાંબુ આયુષ્ય



એપોઈન્ટમેન્ટ માટે કોલ કરો
**+91 95744 45559**

Shree Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

**KD HOSPITAL**
Near Vaishnavdevi Circle, SG Road, Ahmedabad.
Email : shreeorthocare@gmail.com • Website : www.shreeorthocare.com

પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/2021-2023 Valid up to 31-12-2023

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી, ______________________